સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૨૭

તાપમાન: ડીસા ૩૮.૧ | અમદાવાદ ૩૭.૪ | ગાંધીનગર ૩૮ | વડોદરા ૩૭.૪ | સુરત ૩૧.૨ | નલિયા ૩૬.૬

સોનુ : ૩૦૩૦૦ ચાંદી : ૪૧૫૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક


**રત્નકણિકા...**

માણસને કોઈ દુષ્ટ- દુર્જને બગાડ્યો તે તો જવાબદાર છે જે પણ બગડે છે પણ એટલો જ જવાબદાર છે. - ગુણવંત શાહ

માણસ જાતે પોતાની જાતને નડે છે તેટલી બહારની કોઈ વસ્તુ કે વ્યકિત નડતી નથી. - સ્વામી ચૈતન્ય

જેની પાસે જીવન જીવવાનું કોઈ ઉમદા ધ્યેય નથી એવા જીવનને હું જીવન જ ગણતો નથી. - ડૉ. આંબેડકર

તંદુરસ્ત શરીર, સારી પાચનશકિત અને પવિત્ર હૃદય ધરાવનાર માણસ મોટો ધનિક છે. - સ્વેટ માર્ડન

ધનવાન ધન આવ્યા પછી આંધળો તો થઈ જાય છે, પણ બહેરો પણ થઈ જાય છે, કારણ કે ઈશ્વરનું નામ તેને કાને પડતું જ નથી.- નાનક

કરોડો-અબજો મહોરો આપવા છતાં પણ આયુષ્યની એખ પણ પળપાછી મળતી નથી, એના કરતાં જે સમય મળ્યો છે તેનો સદુપયોગ કરી લ્યો ને! - શંકરાચાર્ય

વર્ષ : ૩૨ ● અંક : ૧૪૩ ● તા.૨૭-૦૬-૨૦૧૬ સોમવાર ● સંવત ૨૦૭૨ જેઠ વદ - ૦૭ Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ ● પાના : ૮ ● કિંમત રૂા. ૨-૦૦ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૦ વર્ષ......

# ૩૦ સપ્ટેમ્બર સુધી બિનહિસાબી સંપત્તિ જાહેર કરવા અપીલ

## મન કી બાત રેડિયો કાર્યક્રમમાં મોદીએ વિવિધ મુદ્દે વાત કરી : કરચોરી કરતા લોકો સામે મોદીની લાલઆંખ : આખરી મુદત બાદ કરચોરી મામલે કોઇ રાહત નહીં

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મનકી બાત કાર્યક્રમમાં બિન હિસાબી આવક ધરાવનાર લોકોને કઠોર ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, જે લોકોની પાસે આપ્રકારની સંપત્તિ છે તેમના માટે ભારત સરકારે એક તક આપવાનો નિર્ણય કર્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, હાલમાં જે લોકો આ પ્રકારની સંપત્તિની જાહેરાત કરશે તેમની સામે કોઇ પગલા લેવામાં આવશે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, ૩૦મી સપ્ટેમ્બર આના માટે છેલ્લી તક છે ત્યારબાદ તેમની કોઇપણ મદદ કરી શકશે નહીં. મોદીએ કહ્યું હતું કે, રેવન્યુ વિભાગને સાફ સાફ શબ્દોમાં કહેવામાં આવી ચુક્યું છે કે, નાગરિકોને ચોર તરીકે ગણવા જોઇએ નહીં. નાગરિકો પર વિશ્વાસ કરવાની જરૂર છે. જો તેઓ નિયમો સાથે જોડાવવાની ઈચ્છા રાખે છે તો તેમને પ્રોત્સાહન આપીને સાથે જોડી દેવાની જરૂર છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, જે લોકો સ્વૈચ્છિક રીતે બિનહિસાબી આવક જાહેર કરવા માંગે છે તેમની સામે સરકાર કોઇપણ પ્રકારની તપાસ કરશે નહીં. પારદર્શક વ્યવસ્થાનો હિસ્સો બનવા મોદીએ તમામ લોકોને અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, ૩૦મી સપ્ટેમ્બર સુધી બિનહિસાબી આવકને જાહેર કરવા માટે એક ખાસ યોજના મુકી દેવામાં આવી છે. ટેક્સ ચોરી કરનાર લોકો સામે લાલઆંખ કરતા મોદીએ કહ્યું હતું કે, કરોડો રૂપિયાના બંગલાઓ જોઇને આશ્ચર્ય થાય છે કે, સવા સો કરોડની વસતીમાં માત્ર દોઢ લાખ લોકો જ એવા છે જેમની ટેક્સેબલ આવક ૫૦ લાખથી વધારે છે.કેટલીક ગેરરીતિ દેખાઈ રહી છે. આને બદલી દેવાની જરૂર છે. લોકોને પ્રોત્સાહન આપવા માટે એક ઘટનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, સ્માર્ટસિટી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી ચુકી છે. ચંદ્રકાંત દામોદર કુલકર્ણી અને તેમના પરિવારનો ઉલ્લેખ મોદીએ કર્યો હતો અને કહ્યું હતું કે, ચંદ્રકાંતને ૧૬૦૦૦ રૂપિયા પેન્શન મળે છે. તેઓ દર મહિને પાંચ હજાર રૂપિયા સ્વચ્છતા અભિયાન માટે આપવા માંગે છે. તેઓ બાવન પોસ્ટ ડેટેડ ચેક મોકલી ચુક્યા છે.

અનુસંધાન પાના નં.૬




## સૌરાષ્ટ્રના કાંઠાના વિસ્તારોમાં વરસાદથી લોકોને રાહત થઇ

### અમદાવાદમાં પણ વરસાદી ઝાપટાની આગાહી

અમદાવાદ

દક્ષિણ પશ્ચિમ મોનસુન ગુજરાત રાજયના અન્ય કેટલાક ભાગોમાં આગેકૂચ કરી રહ્યું છે. દક્ષિણ પશ્ચિમ મોનસુનને લઈને ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી છે ત્યારે વરસાદી માહોલ આજે પણ અકબંધ રહ્યો હતો. સૌરાષ્ટ્ર અને આસપાસના ઉત્તરપૂર્વીય અરેબિયન દરિયામાં હવે સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાયેલી છે. ગુજરાતમાં ભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. અમદાવાદમાં પણ ગાજવીજ સાથે ઝાપટા પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. આવી સ્થિતિમાં લોકોને તાપથી રાહત મળવાની સંભાવના દેખાઈ રહી છે. આગામી પાંચ દિવસ દરમિયાન ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૪ અને લઘુત્તમ

અનુસંધાન પાના નં.૬

### જગાણા ખાતે રૂા.૯૦,૦૦૦ ની લુંટના ગુનાના ભેદનો પર્દાફાશ કરતી દાંતા પોલીસ

પાલનપુર

બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક બી.જે. ચાવડા, સર્કલ પો. ઈન્સ્પેકટર જે.ડી.મેવાડાના માર્ગદર્શન હેઠળ દાંતા પો. સ્ટેશન ફ.ગુ.ર. નં. ૩૧/૨૦૧૬ ના આરોપીની અટકાયત કરી રીમાન્ડ મેળવી આરોપી મહમદતાહીર મહમદરફીક સૈયદ (રહે. પાલનપુર - મફતપુરા)

અનુસંધાન પાના નં.૬


